પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૩૮ | ૧૮ એપ્રિલ, ૨૦૨૩, મંગળવાર; ચૈત્ર વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# રાહત : જથ્થાબંધ મોંઘવારી દરમાં ઘટાડો

**દેશમાં માર્ચમાં ૨૯ માસમાં સૌથી નીચો મોંઘવારી દર : સેન્ટ્રલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસએ જથ્થાબંધ ફુગાવાના આંકડા જાહેર કર્યા : કાચી ધાતુઓ, ખાદ્ય ઉત્પાદનો, કાપડ, ખનિજો, રબર અને પ્લાસ્ટિક ઉત્પાદનો, ક્રૂડ-પેટ્રોલિયમ, કુદરતી ગેસના ભાવમાં ઘટાડો થતા જથ્થાબંધ ફુગાવો ઘટ્યો**



નવી દિલ્હી, તા.૧૭

સેન્ટ્રલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસએ માર્ચ મહિનાના જથ્થાબંધ ફુગાવાના આંકડા જાહેર કર્યા છે. માર્ચ મહિનામાં જથ્થાબંધ મોંઘવારી દરમાં ઘટાડો નોંધાયો છે. ડબલ્યુપીઆઈ ફુગાવો માર્ચમાં ઘટીને ૧.૩૪% થયો હતો જે ફેબ્રુઆરીમાં ૩.૮૫% હતો. અગાઉના મહિનામાં એટલે કે જાન્યુઆરી ૨૦૨૩માં જથ્થાબંધ મોંઘવારી દર ૪.૭૩ ટકા હતો. માર્ચ ૨૦૨૨માં જથ્થાબંધ ફુગાવાનો દર ૧૪.૬૨ ટકા હતો. જથ્થાબંધ મોંઘવારીનો તાજેતરનો આંકડો છેલ્લા ૨૯ મહિનામાં સૌથી નીચો છે.

ઈંધણ અને વીજળીનો મોંઘવારી દર ફેબ્રુઆરીમાં ૧૪.૮૨ ટકાથી ઘટીને માર્ચમાં ૮.૯૬ ટકા થઈ ગયો છે.

મેન્યુફેક્ચરિંગ પ્રોડક્ટ્સનો ફુગાવો ફેબ્રુઆરીમાં ૧.૯૪ ટકાથી ઘટીને માર્ચમાં ૦.૭૭ ટકા થયો હતો.

બટાટાનો જથ્થાબંધ મોંઘવારી દર ફેબ્રુઆરીમાં -૧૪.૩૦ ટકા હતો અને માર્ચ ૨૦૨૩માં તે ઘટીને -૨૩.૬૭ ટકા થઈ ગયો છે. ડુંગળીનો જથ્થાબંધ મોંઘવારી દર ફેબ્રુઆરીમાં -૪૦.૧૪ ટકા હતો અને માર્ચમાં વધ્યો છે. માર્ચમાં તેનો જથ્થાબંધ મોંઘવારી દર -૩૬.૮૩ ટકા હતો.

● અનુસંધાન પાન-૭ પર

## ગાબડું : સેન્સેક્સમાં ૫૨૦, નિફ્ટીમાં ૧૨૬ પોઈન્ટનો ઘટાડો

**આઈટી સેક્ટરના શેરોમાં વેચવાલીથી બજારમાં ગાબડું : ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ઈન્ડેક્સ ૪.૭ ટકા ઘટ્યો, ફાર્મા ઇન્ડેક્સમાં ૦.૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો**

મુંબઈ, તા.૧૭

આટીસેક્ટરના શેરોમાં ભારે વેચવાલીથી સોમવારે સ્થાનિક શેરબજારો સંપૂર્ણપણે તૂટ્યા હતા. બીએસઈનો ૩૦ શેરનો સંવેદનશીલ ઈન્ડેક્સ સેન્સેક્સ ૫૨૦.૨૫ પોઈન્ટ અથવા ૦.૮૬ ટકાના ઘટાડા સાથે ૫૯,૯૧૦.૭૫ પોઈન્ટ પર બંધ થયો હતો. એ જ રીતે, એનએસઈનિફ્ટી ૧૨૫.૬૫ પોઈન્ટ્સ અથવા ૦.૭ ટકા ઘટીને ૧૭,૭૦૨.૩૫ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો. નિફ્ટી પર ઈન્ફોસિસનો શેર સૌથી વધુ ૯.૩૭ ટકા ઘટીને બંધ રહ્યો હતો.



સેક્ટોરલ ઈન્ડેક્સની વાત કરીએ તો ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ઈન્ડેક્સ ૪.૭ ટકા ઘટ્યો હતો. તે જ સમયે, ફાર્મા ઈન્ડેક્સમાં ૦.૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. તે જ સમયે, પીએસયુ બેંક ઈન્ડેક્સમાં ત્રણ ટકા અને ઓઈલ એન્ડ ગેસ અને એફએમસીજી ઈન્ડેક્સમાં એક-એક ટકાનો વધારો થયો હતો. બીએસઈમિડકેપ ઈન્ડેક્સ ૦.૫ ટકા વધીને બંધ રહ્યો હતો. તે જ સમયે, સ્મોલકેપ ઈન્ડેક્સ પણ ૦.૧૫ ટકાના વધારા સાથે બંધ થયો હતો.

ઈન્ફોસિસના શેરમાં સેન્સેક્સ પર સૌથી મોટો તૂટ્યો હતો. આ સ્ટોક ૯.૪૦ ટકા ઘટ્યો હતો. તેવી જ રીતે, ટેક મહિન્દ્રામાં ૫.૨૫ ટકા, એચસીએલ ટેકમાં ૨.૭૨ ટકા, એનટીપીસીમાં ૨.૦૨ ટકા, લાર્સન એન્ડ ટુબ્રોમાં ૧.૯૮ ટકા, વિપ્રોમાં ૧.૮૧ ટકા, એચડીએફસીમાં ૧.૬૧ ટકા, ટીસીએસમાં ૧.૫૮ ટકા, એચડીએફસી બેંક અને ભારતીમાં ૧.૫૫ ટકા ૦.૮૩ ટકાનો ઘટાડો થયો હતો.

સેન્સેક્સમાં નેસ્લે ઈન્ડિયા સૌથી વધુ ૪.૦૩ ટકા વધ્યો હતો. એ જ રીતે પાવર ગ્રીડ ૨.૨૯ ટકા, એસબીઆઈ ૨.૦૪ ટકા, કોટક મહિન્દ્રા બેંક ૧.૪૫ ટકા, ઈન્ડસઈન્ડ બેંક ૧.૩૭ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૨૬ ટકા અને આટીસી ૧.૨૦ ટકા વધ્યા હતા.

## ઘટાડો : દેશમાં કોરોનાના ૯૧૧૧ નવા કેસ

**૨૭નાં મોત : ભારતમાં કોરોનાના એક્ટિવ કેસોમાં વધારો : દેશમાં એક્ટીવ કેસોમાં સતત વધારો થઇ રહ્યો છે, કોરોનાથી સાજા થનારા લોકોની સંખ્યામાં ઘટાડો થયો**

નવી દિલ્હી, તા.૧૭

ભારતમાં કોરોના વાયરસના એક્ટીવ કેસોમાં ફરીથી ચિંતાજનક ઉછાળો જોવા મળી રહ્યો છે. જોકે ગઈકાલની સરખામણીએ કોરોનાના નવા કેસોમાં થોડો ઘટાડો નોંધાયો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં ૯,૧૧૧ નવા કોરોના કેસ નોંધાયા છે. જે ગઈકાલની સરખામણીએ થોડા ઓછા છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના ડેટા અનુસાર, એક્ટીવ કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. દેશમાં કોરોનાથી સાજા થનારા લોકોની સંખ્યામાં ઘટાડો થયો છે. સક્રિય કેસની સંખ્યા વધીને ૬૦,૩૧૩ થઈ ગઈ છે.



## દિલ્હીમાં કોરોનાને કારણે સૌથી વધુ મૃત્યુ, યુપીમાં કેસ વધ્યા

**છેલ્લા એક સપ્તાહમાં રાજધાનીમાં કોવિડને કારણે જીવ ગુમાવનારા લોકોની સંખ્યા ૨૪ પર પહોંચી ગઈ છે**

નવી દિલ્હી, તા.૧૭

રાષ્ટ્રીય રાજધાની દિલ્હી સહિત સમગ્ર દેશમાં કોરોનાના કેસોમાં ભારે વધારો થયો છે. આગામી દિવસોમાં સ્થિતિ વધુ વણસી શકે છે. છેલ્લા એક સપ્તાહની વાત કરીએ તો દિલ્હી કોરોનાના કેસોમાં ટોચ પર છે. રવિવાર (૧૬ એપ્રિલ)ના કેસો ઉમેરીએ તો છેલ્લા એક સપ્તાહમાં અહીં કોવિડના સૌથી વધુ ૮,૫૯૯ કેસ નોંધાયા છે. આવો તમને જણાવીએ કે અન્ય રાજ્યોમાં હાલમાં કેવી સ્થિતિ છે. કોરોનાને કારણે થયેલા મૃત્યુના આંકડાની વાત કરીએ તો, છેલ્લા એક સપ્તાહમાં રાજધાનીમાં કોવિડને કારણે જીવ ગુમાવનારા લોકોની સંખ્યા ૨૪ પર પહોંચી ગઈ છે. તે જ સમયે, પડોશી રાજ્ય હરિયાણામાં ૯ થી ૧૫ એપ્રિલ સુધીમાં ૪,૫૫૪ નવા કેસ નોંધાયા છે, જે દેશમાં ચોથા નંબરે સૌથી વધુ કેસ છે અને ઉત્તર પ્રદેશ ૩,૩૩૨ કેસ સાથે પાંચમા ક્રમે છે. રાજસ્થાનમાં કોરોનાના કેસોમાં ચાર ગણા વધારા સાથે, વાયરસને કારણે ૧૪ લોકોના મોત નોંધાયા છે. કેરળની વાત કરીએ તો કોવિડના કેસમાં કેરળ સૌથી આગળ છે. ૯ થી ૧૫ એપ્રિલ સુધીમાં રાજ્યમાં ૧૮,૬૨૩ નવા કેસ સામે આવ્યા છે. તે જ સમયે, આ રોગચાળાએ મહારાષ્ટ્રમાં પણ કોઈ કસર છોડી નથી. રાજ્ય ૭,૬૬૪ કેસ સાથે ત્રીજા નંબરે છે.

છેલ્લા સાત દિવસમાં ૨,૦૦૦ થી વધુ નવા કેસ નોંધાયેલા રાજ્યોમાં તામિલનાડુ (૩૦૫૨ કેસ), કર્ણાટક (૨૨૫૩ કેસ), ગુજરાત (૨૩૪૧ કેસ), હિમાચલ પ્રદેશ (૨૧૬૩ કેસ) અને રાજસ્થાન (૨૦૧૬ કેસ) છે. દરમિયાન, છેલ્લા સાત દિવસમાં ૨,૦૦૦ થી વધુ નવા કેસ નોંધનારા રાજ્યોની સંખ્યા પાછલા અઠવાડિયામાં ચારથી વધીને ૧૦ થઈ ગઈ છે. એકંદરે, ભારતમાં એપ્રિલ ૯-૧૫માં ૬૧,૫૦૦ થી વધુ નવા કેસ નોંધાયા છે, જે પાછલા સાત દિવસો (૩૪,૦૧૧ કેસ) કરતાં ૮૧ ટકાનો વધારો છે. આ સાત દિવસમાં ૧૧૩ના મોત સાથે મૃત્યુઆંક ૧૦૦ને પાર કરી ગયો છે.

ગુજરાતમાં છેલ્લા ઘણા દિવસથી કોરોના વાયરસના કેસ ૩૦૦ની આસપાસ સામે આવી રહ્યા છે. ગઈકાલે રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૮૩ કેસ સામે આવ્યા છે. આમ હવે ૪૦૦ની આસપાસ કેસ પહોંચી જતા તંત્ર એલર્ટ બન્યું છે. ગઈકાલે રાજ્યમાં કોરોના સંક્રમણના કારણે ૩ લોકોના મોત થયા છે. અમદાવાદ શહેરમાં ૧૨૭ કેસ નોંધાયા છે.

## નવી યોજના પ્રમાણે રાજસ્થાનને ૨૦ વંદે ભારત ટ્રેન મળશે

**કેન્દ્રીય રેલવે મંત્રીએ માહિતી આપી : નવી વંદે ભારત ટ્રેનનો લુક પણ પહેલા કરતા બદલાયેલો હશે, આવનારા સમયમાં સ્લીપર સુવિધા પણ હશે**

જયપુર, તા.૧૭

વંદે ભારત ટ્રેનને લઈને તાજેતરમાં જયપુર ખાતે મળેલ એક બેઠકમાં રેલને મંત્રી અશ્વિની વૈષ્ણવે આ બાબતે જાણકારી આપી હતી. પહેલા એવુ માનવામાં આવતુ હતુ કે રાજસ્થાનને લગભગ ૫ વંદે ભારત ટ્રેન મળવા જઈ રહી છે. પરંતુ નવી યોજના પ્રમાણે રાજસ્થાનને ૨૦ વધારે વંદે ભારત ટ્રેન મળી શકે છે. નવી વંદે ભારત ટ્રેનનો લુક પણ પહેલા કરતા બદલાયેલો હશે. આવનારા સમયમાં સ્લીપર સુવિધા ધરાવતી વંદે ભારત ટ્રેન હશે.

૧૩ એપ્રિલના રોજ રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ રોજગાર મેળામાં હાજરી આપી હતી. જેમા તેમણે વંદે ભારત ટ્રેનને લઈને ઘણી બધી જાણકારીઓ આપી હતી. સૌથી મહત્વપૂર્ણ જાણકારી આપતા તેમણે રાજસ્થાનને ૫ નહી પરંતુ ઘણી વધારે વંદે ભારત ટ્રેન મળવાની છે તેમ જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે દર અઠવાડિયે ભારતને એક નવી વંદે ભારત ટ્રેન ટ્રેન મળી રહી છે. દેશમાં કુલ ૪૦૦થી ૫૦૦ વંદે ભારત ટ્રેન દોડશે. તેના આધારે તેમણે જણાવ્યુ કે જે શહેરોની વચ્ચે ૧૦૦ કિલોમીટરથી વધારે અંતર હશે તેને વંદે ભારત ટ્રેનથી જોડવામાં આવશે.

હવે સવાલ એવો થાય કે તો રાજસ્થાનને કેટલી વંદે ભારત ટ્રેન મળશે. આ પહેલા સુત્રો દ્વારા એવી માહિતી આપવામાં આવી હતી કે રાજસ્થાનને ૫ વંદે ભારત ટ્રેન મળવાની છે. જેમાથી એક મળી ચુકી છે. પરંતુ આજે રેલવે મંત્રીના જણાવ્યા પ્રમાણે રાજસ્થાનને ઘણી વધારે સંખ્યામાં વંદે ભારત ટ્રેન મળી શકે છે. રાજસ્થાનને ૨૫ થી વધારે જીલ્લા છે અને તેની વચ્ચે ૧૦૦ કિલોમીટરથી વધારે અંતર ધરાવે છે.

## કર્ણાટકના પૂર્વ સીએમ જગદીશ શેટ્ટર કોંગ્રેસ પાર્ટીમાં જોડાયા

**ભાજપ તરફથી ટિકિટ ન મળવાથી નારાજ થઈને તેમણે ગયા રવિવારે વિધાનસભામાંથી રાજીનામું આપી દીધું હતું**

નવી દિલ્હી, તા.૧૭

પૂર્વ સીએમ જગદીશ શેટ્ટર સોમવારે કર્ણાટક પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય પહોંચ્યા. તેઓ કોંગ્રેસમાં જોડાયા. આ દરમિયાન કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સહિત ઘણા નેતાઓ હાજર રહ્યા હતા. કોંગ્રેસના મહાસચિવ (કર્ણાટકના પ્રભારી) રણદીપ સિંહ સુરજેવાલાએ ટ્વીટ કર્યું એક નવો અધ્યાય, એક નવો ઈતિહાસ, નવી શરૂઆત... ભૂતપૂર્વ મ્ત્ર્ઁ ઝર, ભૂતપૂર્વ મ્ત્ર્ઁ અધ્યક્ષ, ભૂતપૂર્વ વિપક્ષના નેતા, છ વખત ધારાસભ્ય, શ્રી જગદીશ શેટ્ટર. કોંગ્રેસ પરિવારમાં આજે જોડાયા. અગાઉ કોંગ્રેસના નેતાઓ સુરજેવાલા, સિદ્ધારમૈયા, ડીકે શિવકુમાર બેંગલુરુમાં શેટ્ટરને મળ્યા હતા. શેટ્ટર રવિવારે એક ખાસ હેલિકોપ્ટરમાં હુબલીથી બેંગલુરુ ગયા અને કોંગ્રેસના મહાસચિવ (કર્ણાટકના પ્રભારી) રણદીપ સિંહ સુરજેવાલા, કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ડીકે શિવકુમાર, પૂર્વ મંત્રી એમબી પાટીલ અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા શમનુર શિવશંકરપ્પા સાથે ચર્ચા કરી. જો કે એક દિવસ પહેલા તેમણે મુખ્યમંત્રી બસવરાજ બોમાઈ તેમજ કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશી અને ધર્મેન્દ્ર પ્રધાન સાથે વાતચીત કરી હતી, પરંતુ આ ચર્ચાઓ નિષ્ફળ જતાં ૬ વખતના ભાજપના ધારાસભ્યએ રવિવારે વિધાનસભામાંથી રાજીનામું આપી દીધું હતું.

રાજ્યમાં ૧૦ મેની ચૂંટણી માટે ભાજપ દ્વારા તેમની ઉમેદવારી અંગે કોઈ નિર્ણય ન લેવાને કારણે શેટ્ટર નારાજ હતા. શેટ્ટરનો આરોપ છે કે તેમને ભાજપે ટિકિટ ન આપીને તેમનું અપમાન કર્યું છે.




## વેદાંત માધવને મલેશિયામાં સ્વિમિંગ સ્પર્ધામાં ૫ ગોલ્ડ જીત્યા

**ફિલ્મ અભિનેતા આર માધવને તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પુત્રની ફોટો શેર કરીને ખુશી જાહેર કરી**




ચેન્નાઈ, તા.૧૭

એક્ટર આર માધવને સાઉથ સિનેમાથી લઈને બોલીવુડ સુધી પોતાની એક ખાસ ઓળખ બનાવી છે. પોતાની દમદાર એક્ટિંગથી ફેન્સના દિલ જીતનાર આ એક્ટરનો પુત્ર પણ દિલ જીતવાની બાબતમાં ઓછો નથી. તેના પુત્ર વેદાંતે રમતગમતમાં શાનદાર પ્રદર્શન કરીને લોકોના દિલ જીત્યા છે અને દેશની સાથે પિતાને પણ ગૌરવ અપાવ્યું છે. તેને તેના પુત્ર પર ગર્વ છે, જેના વિશે તેણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી માહિતી આપી હતી.

વેદાંતે સ્વિમિંગ ચેમ્પિયનશિપમાં ભારત માટે પાંચ

● અનુસંધાન પાન-૭ પર

## ટ્રેન મોડી પડે તો રેલવે યાત્રીને મફતમાં ભોજન આપવું પડશે

**ભારતીય રેલવે દ્વારા પ્રવાસીઓને વિશેષ સુવિધા : સ્ટેશન પર પહોચવામાં ૨ કલાકથી વધારે સમય લાગે તો રેલવે દ્વારા તમને મફતમાં ભોજન આપવું પડશે**

નવી દિલ્હી, તા.૧૭

આજે લાખો લોકો ટ્રેનમાં મુસાફરી કરતા હોય છે. જેમા મોટાભાગના લોકો દુરની મુસાફરી કરવા માટે ટ્રેનની મુસાફરી પસંદ કરતા હોય છે.

ભારતીય રેલવે સંચાલિત ટ્રેનોમાં ક્યારેક ભીડ, રીપેરીંગ અથવા કુદરતી કારણોસર ઘણી વાર મોડા પડતી હોય છે. કેટલીક વાર ટ્રેન કલાકો સુધી મોડા પડતી હોય છે જેનો ભોગ મુસાફરોને ભોગવવો પડતો હોય છે. એટલા માટે રેલવે દ્વારા મુસાફરો માટે ખાસ સુવિધા આપવામાં આવે છે. જેમા જો ટ્રેન કોઈ કારણથી મોડા પડે તો રેલવે દ્વારા મુસાફરને ફ્રીમાં ભોજન આપવામાં આવે છે.

સ્ટેશન પર પહોચવામાં ૨ કલાકથી વધારે સમય લાગે તો રેલવે દ્વારા તમને મફતમાં ભોજન આપવુ પડશે.

જો તમે ટ્રેનમાં મુસાફરી કરો છો અને તમારી પાસે રાજધાની, શતાબ્દી અથવા દુરન્તોની ટિકિટ છે અને તમારે સ્ટેશન પર પહોચવામાં ૨ કલાકથી વધારે સમય લાગે તો રેલવે દ્વારા તમને મફતમાં ભોજન આપવુ પડશે. જમવામાં લંચ કે ડીનરના સમયે આપવામાં આવશે. એટલું જ નહી તમને ચા. કોફી અને બિસ્કીટ પણ આપવામાં આવશે. જો તમે પ્રિમિયમ ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા છો તો અને તમારી ટ્રેન મોડા પડે તો તમારે આ સુવિધાનો લાભ ઉઠાવવો જોઈએ. લોકો મોટાભાગે શિયાળામાં આનો લાભ વધારે પ્રમાણમાં લેતા હોય છે. કારણ કે શિયાળામાં વાતાવરણ ધુમ્મસના કારણે મોટાભાગે ટ્રેન મોડા પડતી હોય છે.

## ચીન સરહદના છેલ્લા ગામમાં ભારતે ૧૦૦ ફૂટ ઊંચો તિરંગો ફરકાવ્યો

**સરકાર સીમાંત ગામોનો વિકાસ કરી રહી છે : સરહદ પર આવેલા ગામડાઓને કેન્દ્ર દ્વારા વાઈબ્રન્ટ વિલેજ યોજના હેઠળ વિકસાવવામાં આવી રહ્યા છે**

નવી દિલ્હી, તા.૧૭

ચીન બોર્ડર પર આવેલા છેલ્લા ગામ ગુંજીમાં ગઈકાલે



૧૦૦ ફૂટ ઊંચો તિરંગો ફરકાવવામાં આવ્યો હતો. વાઈબ્રન્ટ વિલેજ યોજના હેઠળ કેન્દ્ર સરકાર સીમાંત ગામોનો વિકાસ કરી રહી છે. જેમાં છેવાળાનું આ ગુંજી ગામ પણ યાદીમાં સામેલ છે. ગુંજી ગામમાં ૧૦૦ ફૂટ ઊંચા રાષ્ટ્ર્ધ્વજ ફરકાવતા સાંસદ અજય તમટાએ કહ્યું કે, આ સરહદ પર આવેલું છેલ્લું ગામ નથી, પણ પહેલું ગામ છે. સરહદ પર આવેલા ગામડાઓને કેન્દ્ર સરકાર દ્વારા વાઈબ્રન્ટ વિલેજ યોજના હેઠળ વિકસાવવામાં આવી રહી છે.

એમપીતમટા ગઈકાલે ૧૪,૫૦૦ ફૂટની ઉંચાઈ પર સ્થિત ઓમ પર્વતની મુલાકાત લીધા બાદ કાલી નદીના ઉદ્ગમ સ્થાન કાલાપાની મંદિર પહોંચ્યા હતા. આ પછી વ્યાસ ઘાટીના સાત ગામોની મહિલાઓ અને લોકોએ

● અનુસંધાન પાન-૭ પર